# બેંક ક્લાર્ક

બેંક ક્લાર્ક ગ્રાહકો સાથે વાતચીત કરવાથી લઈને બેંકના વ્યવહારોના ચોક્કસ નાણાકીય રેકોર્ડ જાળવવા સુધીની જવાબદારીઓ નિભાવે છે. તેઓ સુનિશ્ચિત કરે છે કે બેંકમાં ગ્રાહકનું અવાગમન સારી રીતે સંચાલિત થાય અને બેંકના રેકોર્ડ પણ અપડેટ હોય.



## વ્યક્તિગત નિપુણતા

- તમને ફાઈલિંગ અથવા ટાઈપ કરવાનું ગમે છે
- તમે કામના રેકોર્ડ રાખવામાં સારા છો
- તમે કુશળતાપૂર્વક સંવાદ કરનારા છો
- તમને વસ્તુઓ (ફાઈલો/ડેસ્ક/ઓફિસ)ને સુવ્યસ્થિત રીતે રાખવાનું પસંદ કરો છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૧૦,૦૦૦ થી ૪૫,૦૦૦* જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વાણિજ્ય અથવા વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન).

૨. ‘એકાઉન્ટિંગ’ માટે મોડ્યુલર એમ્પ્લોયેબલ સ્કીલ્સ (MES)નો કોર્સ કરો અને ત્યારબાદ બેંકિંગ એસોસિયેટ માટેનો મોડ્યુલર એમ્પ્લોયેબલ સ્કીલ્સ (MES) કોર્સ કરો (આ અભ્યાસક્રમો કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવે છે.)

**અથવા**

એકાઉન્ટિંગ / ઓફિસ ઓટોમેશન / બેંકિંગ અને ફાઈનાન્સ અથવા સંબંધિત વિષયમાં ડિપ્લોમા કરો.

**અથવા**

એકાઉન્ટન્સી, બિઝનેસ, અર્થશાસ્ત્ર, ફાઈનાન્સ, ગણિત, બિઝનેસ ઈકોનોમિક્સ અથવા કોઈપણ સંબંધિત વિષયમાં સ્નાતકની પદવી પ્રાપ્ત કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*આ આંકડાઓ એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

એક બેંક ક્લાર્કનો માસિક પગાર આશરે રૂ. ૮,૦૦૦ થી ૩૦,૦૦૦* જેટલો અથવા તેથી વધુ હોય છે.

સ્રોત: https://bit.ly/407XeMy

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** બેંકો

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ એક ડેસ્ક જોબ છે. તમારે ટીમનું સંચાલન કરવાનું રહેતુ નથી. સ્થાનિક મુસાફરી એ નોકરીની ભૂમિકાનો ભાગ નથી. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ દરરોજ ૮ થી ૯ કલાક કામ કરી શકો છો. સંસ્થા મુજબ તે બદલાઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

બેંક ક્લાર્ક → બ્રાન્ચ ઓથોરાઈઝર → ગ્રાહક સેવા અધિકારી → રિલેશનશિપ મેનેજર → પર્સનલ બેન્કર → બ્રાન્ચ મેનેજર → રિજનલ મેનેજર → ઝોનલ મેનેજર → નેશનલ હેડ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

બેંક અધિકારી, પ્રોબેશનરી ઓફિસર, બેંક ક્લાર્ક

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**ડિપ્લોમા ઈન એકાઉન્ટન્સી સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ દ્વારા ચલાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. એન.આઈ.બી.એસ., પુણે
૨. યશવંતરાવ ચવ્હાણ મહારાષ્ટ્ર ઓપન યુનિવર્સિટી, નાસિક
૩. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU), અમદાવાદ
૪. જમશેદપુર વિમેન્સ કોલેજ, કોલ્હાન યુનિવર્સિટી
૫. ઓડિશા રાજ્ય ઓપન યુનિવર્સિટી
૬. ગવર્મેન્ટ કોલેજ ફોર વુમન, ગાંધીનગર, જમ્મુ
૭. કમલા નેહરુ ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યુશન્સ, ઉત્તર પ્રદેશ
૮. એમ.એસ.યુ., વડોદરા

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૨. TKWs ઈન્સ્ટિટ્યુટ ઑફ બેંકિંગ એન્ડ ફાઈનાન્સ
૩. નરસી મોંજી ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, મુંબઈ
૪. નેશનલ પોસ્ટ ગ્રેજ્યુએટ કોલેજ, લખનૌ
૫. મરાઠવાડા મિત્રમંડળની કોમર્સ કોલેજ, પુણે
૬. ગ્રીનવે ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, ઉત્તરાખંડ
૭. ઈન્ડો એશિયન એકેડમી ડિગ્રી કોલેજ, બેંગ્લોર
૮. ન્યુ આર્ટસ, કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ, અહેમદનગર

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://swayam.gov.in/explorer?searchText=commerce
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

NPTEL-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

૧૯૭૮માં સ્નાતક થયા બાદ, દેબબ્રત ચક્રવર્તીએ એક રાષ્ટ્રીયકૃત બેંકમાં લેખિત પરીક્ષા અને ઇન્ટરવ્યુ પાસ કર્યા, ત્યારબાદ તેઓ ક્લાર્ક બન્યા. આખરે, એક લેખિત પરીક્ષા અને આંતરિક રીતે લેવાયેલી કસોટીઓમાં ઉત્તીર્ણ થયા બાદ, તેમને આંતરિક રીતે આઈ.એફ.એ.માં બઢતી આપવામાં આવી. જૂન ૧૯૮૮ માં, તેમને અધિકારીના પદ પર બઢતી આપવામાં આવી અને વર્ષો દરમિયાન રીહેબિલિટેશન ફાઈનાન્સ અને હોમ લોન પુનઃપ્રાપ્તિ જેવા કેટલાક વિભાગોમાં તેમની બદલી કરવામાં આવ્યા. ચક્રવર્તી ઓગસ્ટ ૨૦૧૫ માં ડી.જી.એમ. (ડેપ્યુટી જનરલ મેનેજર) તરીકે નિવૃત્ત થયા હતા.*

સ્રોત: અંગત મુલાકાત

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.